પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 2-11-2024 Morning : 7.45 to 7.55

Day : Monday National News

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોલીસ મહાનિદેશક અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદમાં એ.આઈ. અને ડ્રોન ટેક્નોલોજી અપનાવવા આહ્વાન કર્યું

2) ઑક્ટોબર મહિનામાં UPIથી 16 અબજ 15 કરોડ રૂપિયાના નાણાકીય વ્યવહાર થયા..

3) ભારતે પ્લાસ્ટિક પ્રદૂષણના પ્રતિબંધ અને ખાસ કરીને વિકાસશીલ દેશોમાં સતત વિકાસ પર અસર વચ્ચે સંતુલન જાળવવાની અપીલ કરી

4) કેન્દ્રીય રાજ્યમંત્રી રવનીતસિંહ બિટ્ટુએ કોંગ્રેસ અધ્યક્ષ અને કોંગ્રેસના સાંસદોને પંજાબના ખેડૂતોને MSP અંગે CBI તપાસની માગ કરવા કહ્યું

5) ઓમાનમાં રમાઈ રહેલી જુનિયર એશિયા કપ હોકીમાં દક્ષિણ કોરિયાને હરાવી ભારત સેમી ફાઇનલમાં પહોંચ્યું

************************************************

PM--BHUBANESHWAR.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ઓડિશાના ભુવનેશ્વરમાં આયોજિત પોલીસ મહાનિદેશક અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદના છેલ્લા દિવસે દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સંબંધિત મહત્વપૂર્ણ સુરક્ષા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. મુખ્યત્વે સાયબર ગુના, દરિયાઈ સુરક્ષા અને માઓવાદી વિદ્રોહ સાથે કામ કરવા પર વિચારણા કરવામાં આવી હતી. આ સંમેલનમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ગૃહ સચિવ ગોવિંદ મોહન, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ હાજર હતા. આ પરિષદમાં રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત વિવિધ મુદ્દાઓને ઉકેલવા માટે વ્યૂહાત્મક પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

એ.આઈ. એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તા અને ડ્રોન જેવી ઉભરતી ટેક્નોલોજી અને આતંકવાદનો સામનો કરવાની વ્યૂહરચના દ્વારા ઊભા થયેલા પડકારો અંગે ટોચના પોલીસ અધિકારીઓ અને વિવિધ સુરક્ષા સંસ્થાઓના વડાઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી  અને મુખ્ય અધિકારીઓએ પોલીસ દ્વારા સામનો કરવામાં આવતી વિવિધ સમસ્યાઓ, કામગીરી અને માળખાગત સુવિધા સંબંધિત પણ ચર્ચા કરી હતી. સંમેલનમાં દેશના વિવિધ સુરક્ષા સંબંધિત મુદ્દાઓને ઉકેલવા આગામી વર્ષ માટે એક વ્યૂહરચના તૈયાર કરાઈ હતી. ભુવનેશ્વરની ત્રણ દિવસની  મુલાકાત પૂર્ણ કરીને પ્રધાનમંત્રી દિલ્હી પરત ફર્યા છે.

PREZ AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિત્તે નેશનલ એમ્પાવરમેન્ટ ઑફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ પુરસ્કાર એનાયત કરશે. કુલ 22 વ્યક્તિઓ અને 11 સંસ્થાઓને રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકાર મંત્રી ડૉ.વીરેન્દ્ર કુમાર દિવ્યાંગોના સશક્તિકરણ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ શરૂ કરશે.

આ વર્ષે અમર જૈનને શ્રેષ્ઠ દિવ્યાંગ વર્ગમાં વ્યક્તિગત શ્રેષ્ઠતા માટે રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થશે. તેઓ 100 ટકા દૃષ્ટિહીન લોકોને કાયદાકીય સલાહ આપે છે જ્યારે પ્રતિક ખંડેલવાલને  75 ટકા દિવ્યાંગતા સાથે, શ્રેષ્ઠ દિવ્યાંગ વર્ગમાં વ્યક્તિગત શ્રેષ્ઠતા માટે સન્માનિત કરાશે. શ્રી ખંડેલવાલ રેમ્પ માયસિટીના સ્થાપક છે. તેમનું સ્ટાર્ટઅપ દિવ્યાંગ વ્યક્તિઓ માટે શહેરી વાતાવરણને વધુ સુલભ બનાવવામાં મદદ કરી રહ્યું છે.

## UPI OCTOBER

યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ - UPIથી આ વર્ષે ઑક્ટોબર મહિનામાં 16 અબજ 15 કરોડના નાણાકીય વ્યવહાર થયા છે. માત્ર એક જ મહિનામાં UPIથી આ લેવડ-દેવડ થકી અંદાજે 23 લાખ 49 હજાર કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી છે. ગયા વર્ષે ઑક્ટોબર મહિનાની સરખામણીએ આ 45 ટકા વધુ છે. UPIને વર્ષ 2016માં નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા દ્વારા લોન્ચ કરાયું હતું. તેણે એક જ મોબાઈલ એપ્લિકેશનમાં બહુવિધ બેંક ખાતાઓને એકીકૃત કરીને દેશના નાણાકીય ચૂકવણીના પારિસ્થિતિક તંત્રમાં ક્રાંતિ લાવી છે. UPIએ નાણાકીય વ્યવહારોને જો ઝડપી, સુરક્ષિત અને સરળ બનાવ્યા જ, પરંતુ વ્યક્તિઓ,નાના વ્યવસાયો અને વેપારીઓને પણ સશક્ત બનાવ્યા છે,

## UTTAR PRADESH MAHA KUMBH

ઉત્તર પ્રદેશ સરકારે પ્રયાગરાજમાં મહાકુંભ વિસ્તારને નવા જિલ્લા તરીકે જાહેર કર્યો છે. નવનિર્મિત જિલ્લો મહાકુંભ મેળા તરીકે ઓળખાશે. આગામી કુંભ મેળાના સંચાલન અને વહીવટને સુવ્યવસ્થિત કરવા આ નિર્ણય લેવાયો છે. આ નિર્ણયનો ઉદ્દેશ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે માઘ મેળા 2024 દરમિયાન વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે મહાકુંભનો મેળો દર 12 વર્ષે એકવાર યોજાય છે, તે પ્રયાગરાજમાં 13 જાન્યુઆરીએ શરૂ થશે અને 26 ફેબ્રુઆરીના રોજ સમાપ્ત થશે. ભારતીય સંસ્કૃતિના સંવર્ધનમાં મહાકુંભ એક સીમાચિહ્નરૂપ સાબિત થવાની ધારણા છે.

## UNCCD COP16

યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ટૂ કૉમ્બેટ ડેઝર્ટિફિકેશનની 16મી પક્ષોની પરિષદ એટલે કે, COP 16 આજે સાઉદી અરેબિયાના રિયાધમાં શરૂ થશે. પશ્ચિમ એશિયા આ નિર્ણયક

પર્યાવરણ પરિષદનું આયોજન પ્રથમ વખત કરી રહ્યું છે. UNCCDની 30મી વર્ષગાંઠ પ્રસંગે યોજાતી આ પરિષદમાં ભારત સહિત 197 દેશના પ્રતિનિધિઓ ભાગ લેશે.

## INDIA PLASTIC

ભારતે પ્લાસ્ટિક પ્રદૂષણના પ્રતિબંધ અને ખાસ કરીને વિકાસશીલ દેશોમાં સતત વિકાસ પર અસર વચ્ચે સંતુલન જાળવવાનું આહ્વાન કર્યું છે. દક્ષિણ કૉરિયાના બુસાનમાં આંતર-સરકારી સંવાદ સમિતિના પાંચમા સંપૂર્ણ સત્રમાં ભારતે પ્લાસ્ટિક પ્રદૂષણના પડકારને પહોંચવાનો મુદ્દો ઉઠાવ્યો છે.

ભારતે જણાવ્યું કે, આ એક મુશ્કેલ કાર્ય છે જેની માટે પરસ્પર વિશ્વાસ અને એકબીજાની પરિસ્થિતિઓને સમજવી જરૂરી છે. ભારતે પ્રાથમિક પ્લાસ્ટિક પૉલિમરના ઉત્પાદન પર નિયમનના કોઈ પણ ઉકેલનું સમર્થન કરવામાં અસમર્થતા વ્યક્ત કરી છે. કારણ કે, આનાથી સભ્ય દેશોના વિકાસ અધિકારને અસર થાય છે. ભારતે વિકાસશીલ દેશોને નાણાકીય સંશાધન ઉપલબ્ધ કરાવવા માટે બહુપક્ષીય ભંડોળ બનાવવા પર ભાર મુક્યો હતો.

## PUNJAB MSP

કેન્દ્રીય રેલવે અને ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ રાજ્યમંત્રી રવનીતસિંહ બિટ્ટુએ કૉંગ્રેસ અધ્યક્ષ અને કૉંગ્રેસના સાંસદોને કહ્યું કે, તેઓ પંજાબના ખેડૂતોને ન્યૂનતમ સમર્થન મૂલ્ય-MSP ન મળવા અંગે કેન્દ્રીય તપાસ સંસ્થા- CBI તપાસની માગ કરે. શ્રી બિટ્ટુ કન્ટોનમેન્ટ રેલવે મથકના પુનઃર્વિકાસ કાર્યનું નિરીક્ષણ કરવા ગઈકાલે જલંધર પહોંચ્યા હતા. માધ્યમો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકારે પંજાબને 44 હજાર કરોડ રૂપિયા MSP તરીકે મોકલ્યા છે. તેમણે કૉંગ્રેસને મામલાની સીબીઆઈ તપાસની માગ પ્રધાનમંત્રી અને પંજાબના રાજ્યપાલને કરવા કહ્યું હતું.

શ્રી બિટ્ટુએ ઉમેર્યું, અમૃત ભારત મથક પરિયોજના અંતર્ગત પંજાબમાં 12 રેલવે મથકનું 270 કરોડ રૂપિયાના ખર્ચે નવીકરણ થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે, ફિરોઝપુર મંડળમાં પંજાબ અને જમ્મુ-કાશ્મીરના અનેક મથકના એક હજાર 513 કિલોમીટરના અંતરમાં કવચ લગાવવાનો પ્રસ્તાવ પર પણ કામ શરૂ થઈ ગયું છે.

## CYCLONE AFTERMATH

ચક્રવાતી તોફાન ફેંજલ તમિલનાડુના આંતરિક ભાગોમાંથી પશ્ચિમ કિનારે અરબી સમુદ્ર તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડાને કારણે ભારે વરસાદ થતાં તમિલનાડુમાં પૂરની ગંભીર સ્થિતિ સર્જાઈ છે. વિલ્લુપુરમ, તિરુવન્નામલાઈ, માયલાદુથુરાઈ, વેલ્લોર અને રાનીપેટ જિલ્લામાં ભારે વરસાદ થયો છે.

તિરુવન્નામલાઈની પર્વતોમાં રાત્રી દરમિયાન મોટા પથ્થરો ધસી પડતા અનેક મકાનોને નુકસાન થયું હતું. સંપૂર્ણ પણે નાશ પામેલા મકાનોમાં રહેતા લોકોની હાલત હજુ સુધી જાણી શકાઈ નથી. જિલ્લા કલેક્ટરના જણાવ્યા મુજબ અંધારપટ અને વરસાદના કારણે રાહત કામગીરીમાં અડચણ આવી રહી છે. પરિસ્થિતિ કાબૂમાં આવતા જ રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ દળ NDRF અને રાજ્ય આપદા પ્રતિભાવ દળ SDRF ટીમો બચાવ અને રાહત કામગીરીને વધુ ઝડપી બનાવશે. અત્યાર સુધીમાં 50 લોકોને બચાવી લેવાયા છે.

## HOCKEY - JUNIOR ASIA CUP

ઓમાનના મસ્કતમાં રમાઈ રહેલી જુનિયર એશિયા કપ હોકીમાં ગઈકાલે દક્ષિણ કોરિયાને 8-1થી હરાવી ભારત સેમી ફાઇનલમાં પહોંચ્યું છે. પૂલ Aમાં ગઈકાલે દક્ષિણ કોરિયા સામેની મેચમાં ભારત તરફથી અર્શદીપ સિંહે હેટ્રિક અને અરિજીત સિંહ હુંદલે 2 ગોલ કર્યા હતા.

જ્યારે ગુરજોત સિંહ, રોશન કુજુર અને રોહિતે એક-એક ગોલ કર્યા હતા. દક્ષિણ કોરિયા તરફથી એકમાત્ર ગોલ તાહ્યોન કિમે કર્યો હતો. આ જીત સાથે ભારત સેમીફાઈનલમાં પહોંચી ગયું છે, આવતીકાલે તેનો મુકાબલો મલેશિયા સાથે થશે. મેચ ભારતીય સમય અનુસાર રાત્રે 8:30 વાગ્યે રમાશે.

અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

- આજના અખબારોમાં પહેલા પેજ ઉપર અલગ અલગ હેડલાઇન્સ સાથે મુખ્ય સમાચાર જોવા મળી રહ્યાં છે.. બ્રિક્સ દેશોને ટ્રમ્પની ધમકી , મહારાષ્ટ્રમાં સરકાર રચવા અંગની કવાયત , ભારતના મૂળના કાશ પટેલને એફબીઆઇની કમાન સહિતના સમાચાર જોવા મળી રહ્યાં છે.
- ગુજરાત સમાચાર, સંદેશ અને ફૂલછાબ દૈનિકે બ્રિક્સ દેશોને ટ્રમ્પની ટેરિફની ધમકીના મથાળા હેઠળ સમાચાર પ્રસિધ્ધ કર્યા છે.
- જ્યારે નવગુજરાત સમયે મહારાષ્ટ્રમાં સરકાર રચવાની કવાયતને હાઇલાઇટ કરીને ભાજપ કહે તે મંજૂર - શિંદે સમજી ગયાના મથળા હેઠળ સમાચાર પ્રસિધ્ધ કર્યા છે..
- અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને હિન્દી અખબાર રાજસ્થાન પ્રત્રિકાએ ટ્રમ્પ પિક્સ કાશ પટેલ ટુ બી નેક્સ્ટ એફબીઆઇ ડાયરેક્ટરના હેડિંગ સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.
- ઇન્ડિયન એક્સપ્રેસે બિઝનેશને લગતા સમાચારને પ્રાધાન્ય આપીને આગામી ચારથી છ ડિસેમ્બરે યોજાનારી આરબીઆઇની બેઠક પર સૌની નજરને મુખ્ય સમચાર બનાવ્યાં છે.
- આ ઉપરાંત આજના પ્રદૂષણ દિવસના ઉપલક્ષ્યમાં વિવિધ અખબારોએ પ્રદૂષણને અટકાવવાના સંદેશ સાથેના સમાચાર છાપ્યાં છે.. કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો, દરેક દપંતીએ ઓછામાં ઓછા ત્રણ બાળકો પેદા કરવા જોઇએ તેવા આરએસએસ ચીફ મોહન ભાગવતના નિવેદનને પણ તમામ અખબારોએ પહેલા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે.

- આ ઉપરાંત રાજ્યના અને સ્થાનિક સમાચારમાં હોસ્પિટલમાં ખ્યાતિકાંડ બાદ હોસ્પિટલોની નોંધણી ફરજીયાત બનાવાઇ, અમદાવાદના તપોવવ સર્કલ પાસે કોમ્બિંગ દરમિયાન બે પોલીસકર્મીઓને કાર ચાલકે ઢસડ્યાના સમાચાર પણ દરેક અખબારોમાં જોવા મળી રહ્યાં છે.. શાળાઓમાં ધુળેટીની રજામાં ફેરફારના સમાચાર પણ કવર કરવામાં આવ્યાં છે.

MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.